મુંબઈમાં તા. ૧૧ એપ્રીલ ૧૯૨૫ના રોજ મળેલી શ્રીજૈન

શ્વેતામ્બર મૂર્તિ પૂજક કન્વેન્શનના

પ્રમુખ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈનું ભાષણ.

ચૈત્ર વદ ૨ શનિવાર. સંવત ૧૯૮૧.

अर्हन्तो भगवंतइन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः ।
आचार्या जिनशासनोन्नतिकराः पूज्याः उपाध्यायकाः ॥
श्री सिद्धांत सुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः ।
पंञ्चैते परमेष्ठिनं प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥

પ્રિય બંધુઓ અને બહેનો,

આજના સંમેલનનું પ્રમુખસ્થાન સ્વીકારતાં પહેલાં મ્હને સ્વાભાવિક રીતે સંકોચ થયેલો. હું દીલ્હીમાં હતો ત્યાં ભાઈશ્રી મોહનલાલે તાર કરી મ્હને પ્રમુખ થવા સુચવ્યું. હું તો ગુંચવાયો અને વિચારમાં પડયો. મ્હારા કરતાં ઘણા અગ્રગણ્ય અનુભવી અને બુદ્ધિશાળી જૈનબંધુઓને મુકી મ્હારાથી તે વિનંતી કેમજ સ્વીકારાય ! તે વિચારથી મ્હેં મ્હારી મુઝવણમાં તેમને તારથી નાજ પાડી--છતાં એજ વિચાર મ્હારા મનમાં ઘોળાતો હતો, અને તે દરમ્યાન મ્હારી માતુશ્રી તરફથી મ્હને તાર મળ્યો કે જે કોમની સેવા કરવામાં અને તીર્થનું રક્ષણ કરવામાં મ્હારા પિતાશ્રીએ પાછી પાની કરી નથી, તે કોમની યત્કિંચિત સેવા મ્હારાથી બને તે કરવા મ્હારે ચુકવું નહિ; અને તેથીજ મ્હેં ફરીથી તાર કરી આમંત્રણ સ્વીકાર્યું. હું તો કોમની સેવાનો ઉમેદવાર છું. પ્રમાણમાં મ્હારાથી કોમને માટે કાંઈજ બન્યું નથી; છતાંએ મ્હારી ઉપર જણાવેલી ઉમેદના જોરથી મ્હેં આ પ્રમુખપદ સ્વીકાર્યું છે; અને એ માનને માટે આપ સર્વનો ઉપકાર માનું છું. અને અનેકવાર એજ ઇચ્છીશ કે જે સ્થાન તમે મ્હને આપ્યું છે તેને માટે લાયક થાઉં. આપની સમક્ષ ઉભા રહીને જે પણ થોડા વિચારો હું દર્શાવું તેમાં રહેલી રૂપરેખાઓ ફક્ત નમ્ર સુચના રૂપે છે.

આપણા તીર્થો.

જૈન કોમની સમક્ષ હાલમાં જો કોઈ અતિ અગત્યનો અને ગંભીર સવાલ હોઈ શકે તો તે આપણી પુજ્ય તીર્થ ભૂમિકાઓનો અને તેના પવિત્ર હક સંરક્ષણનો છે. આપણા શાસ્ત્રકારોએ શ્રી જિનેશ્વર ભગવાનની કલ્યાણ ભૂમિકાઓ અને મહિમાવાળા ક્ષેત્રોને તીર્થ તરીકે ઓળખાવ્યાં છે: અને એ તીર્થોની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાંજ આપણું સાચું કલ્યાણ સમાયેલું છે. આપણી તીર્થભૂમિઓનો વિચાર કરતાં આપણને માલુમ પડે છે કે શ્રી શત્રુંજય ગિરનારજી, તારંગાજી આબુજી, મક્ષીજી, અંતરીક્ષજી, કેસરીઆજી, રાણકપુરજી અને સમેત-સીખરજી આદી વિશ્વ વિખ્યાત તીર્થો છે. આ તીર્થો—આ પ્રાચિન પવિત્ર તીર્થો, આટલા બધા સુંદર, આટલી બધી કારીગરીથી ભરપુર, હિંદની કારીગરી અને કળાકૌશલ્યની ઝળહળતી જ્યોત, આપણા પુર્વજોની કીર્તિ અને ધાર્મિક વૃત્તિનું ભાન કરાવે છે: અને આખા ગુજરાતની જૈન સામ્રાજ્ય અને સમૃદ્ધિની ઝાંખી કરાવે છે. આપણા તીર્થો આપણા આધુનિક ગૌરવ અને અસ્તિત્વના આધારભૂત છે. પણ અતિ દીલગીરી સાથે કહેવું પડે છે કે ઉપરના તીર્થોમાંથી ભાગ્યેજ કોઈ એવું તીર્થ છે કે જ્યાં આપણા હકના સંરક્ષણનો સવાલ ઉભો ન હોય, આ વસ્તુસ્થીતિ હોઈ આપણે આપણા તીર્થના રક્ષણના માર્ગો અને વિશેષ હકો વિચારવાના છે. હાલમાં શ્રી શત્રુંજયનો સવાલ ખાસ મુદ્દાનો અને અગત્યનો લાગે છે. આપણું આ તીર્થ પાલીતાણા ક્ષેત્રમાં આવેલું છે. મહાન અકબર બાદશાહના ફરમાનોથી શ્રી શત્રુંજય પહાડ ઉપર ભવ્ય મંદિરો ગઢ—કુંડ વિગેરે આખું આપણું સિદ્ધક્ષેત્ર, તેમજ પહાડ આપણી સંપુર્ણ માલીકી નીચે સોંપાયો હતો: તે ઉપરાંત મોગલ બાદ-

શાહની વધુ મહેરબાનીના પરિણામે એક સણંદમાં તીર્થની તળેટીમાં વસતુ પાલીતાણા ગામ પણ તીર્થની સેવા માટે ઇનામી જાગીર તરીકે આપણને અર્પણ કરાયું હતું.

શત્રુંજયની યાત્રા માટે પરાપૂર્વથી આણંદી કલ્યાણી સંઘો તો વખતો વખત જતા, પણ તે સંઘોને મોગલ રાજ્યની પડતીના લીધે અંધાધુનીના સમયમાં કેટલીક મુશ્કેલીઓ વેઠવી પડતી. તે વખતે હાલના પાલીતાણા દરબારના પુર્વજોએ જો શ્રાવકો યાત્રીઓના જાનમાલની રક્ષા માટે કાંઈક રકમ આપે તો ચોકીપેરા રાખવાનું નક્કી કરી શકાય તેમ જણાવ્યું. જે ઉપરથી ઈ. સ. ૧૮૨૧ની સાલમાં પાલીતાણા દરબાર અને જૈનોના સંબંધમાં એમ ઠરાવવામાં આવ્યું કે જૈનો દરબારને વાર્ષિક રૂપૈયા પીસ્તાલીસો આપે, અને તેના બદલામાં દરબાર પોલીસ વિગેરેનો બંદોબસ્ત રાખી યાત્રીઓના જાનમાલનું રક્ષણ કરે; અને કોઈના જાનમાલનું નુકશાન થાય તો તેને રીતસર ભરપાઈ કરે, પણ ૧૮૬૧માં દરબાર શ્રી સૂરસિંહજીએ જાનમાલના રક્ષણ માટે વધુ રકમની માગણી કરી, તેથી રૂપૈયા પીસ્તાલીસોને બદલે રૂપૈયા દસ હજાર આપવાનું નક્કી થયું. વળી ઈ. સ. ૧૮૮૬ થી ૪૦ વર્ષ માટે રૂપૈયા દસ હજારને બદલે રૂપૈયા પંદર હજાર આપવા આપણે કબુલ્યા. ઈ. સ. ૧૮૭૭ના મુંબાઈ સરકારના ચુકાદાથી એમ ઠરાવવામાં આવ્યું છે કેઃ—

૧. ગઢની અંદર પોલીસ સંરક્ષણના કામ પુરતોજ ઠાકોરનો કાબુ ગણાય.

૨. શ્રાવકોના શિષ્ટાચાર વિરૂદ્ધ ઠાકોર સાહેબ કોઈપણ ભાગનો ઉપયોગ કરી શકે નહિ.

૩. પહાડને આશ્રય રહેતી શ્રાવક કોમને તેમની તરફથી કાંઈ કનડગત થઈ શકે નહિ.

આ ઉપરથી જણાશે કે ગઢ કુંડ દેહેરીઓ વિગેરે સર્વ આપણા સ્વતંત્ર સ્વાધીનપણાના છે, અને જે પોલીસ સંરક્ષણની આપણને જરૂર હતી, તે માટેજ રૂપૈયા પદર હજાર જેટલી મોટી રકમ આપવા આપણે કબુલ થયા હતા. હવે આ પટો ટુંક સમયમાં (૧૯૨૬ માં) પુરો થનાર છે અને તેથીજ આપણે આપણા અસ્તિત્વ સાથે ઓતપ્રોત થયેલા તારણ તીર્થની ભૂમિ અને તેના પવિત્ર હકો જાળવવા માટે તૈયાર થવાની દરેક જૈનની ફરજ છે. ધાર્મિક જૈન કોમને માટે આ કટોકટીનો પ્રસંગ છે, અને તેથીજ આપણે સાવધ થઇ સૌરાષ્ટ્ર પાવન કરનાર તીર્થની અને આપણી સલામતી માટે તાત્કાલિક પગલા લેવા જોઈએ, વાતો કરે કાંઈજ વળશે નહિ, પણ ધાર્મિક સમુહને માન્ય એક જાહેર પ્રબંધ કરવાની જરૂર છે; જેથી જૈન કોમની દરેકે દરેક વ્યકિત પોતાનો ધર્મ બજાવવા પ્રતિષ્ઠા અને ગૌરવ સાચવવા સજ્જ થાય. આવા પ્રસંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓ બેદરકાર રહી શકેજ નહિ. તેમણે તો કોમના આગેવાનોને મળી નિર્ણય ઉપર આવી લોકમત તે દિશામાં કેળવવો રહ્યો. આ શિવાય મક્ષીજીનો કેસ થોડા વખતમાં હોલ્કર સરકારની કોર્ટમાં ચાલનાર છે. સમ્મેત સીખરજીના સંબંધમાં પણ બે, ત્રણ કેસ ચાલુજ છે; અને જોકે અન્તરિક્ષજીના કેસનો ચુકાદો આપણી તરફેણમાં આવ્યો છે, છતાં પણ તે બાબતમાં અપીલ થવાની વકી છે, આવા સંયોગો જોતાં આપણા તીર્થોના હક જાળવવા આપણે એક તિર્થ રક્ષક કમીટી નિમવાની ખાસ જરૂર છે.

કોન્ફરન્સની જરૂરીયાત.

આ સંજોગોનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને લાગ્યા વિના રહેશે નહિ કે આપણા પ્રાચીન પવિત્ર તીર્થોના રક્ષણની જવાબદારી સમસ્ત કોમને માથે છે. આજથી આસરે પચાસ વર્ષ પહેલાં એવી પ્રથા હતી કે તીર્થના હકો કે કોમના રીત રીવાજો ઉપર તે ગામના આગેવાનો સંઘ એકઠો કરી, તે બાબતની ચર્ચા કરી, પોતાની લાગવગનો ઉપયોગ કરી, તીર્થોનું અને જૈન સમાજનું રક્ષણ કરતા. હાલના સમયમાં જીંદગી વધુ વ્યવસાયી બની લોકો દેશ પરદેશ રહેતા થઈ સંઘ એકઠા મળવાના પ્રસંગો ઓછા બને છે. તેમજ રેલ્વે વિગેરેના સાધનો થવાથી આપણે ગામેગામના સંઘના આગેવાનોને મળવાનું સુલભ થયું છે. તેવા વખતે આ પ્રકારની એક સભા બોલાવી તેમાં આપણા ધર્મ અને સમાજને લગતા વિચારો ચર્ચવાનું કેટલું જરૂરીઆત છે તે વિષે બે મત હોઈ શકે નહિ. આપ સૌને વિદિત હશે કે જૈન સમુદાયના જુદા જુદા ગામના સંઘના આગેવાનોની એક સભા સને ૧૮૮૦ માં અમદાવાદમાં મ્હારી જાણ પ્રમાણે પ્રથમ મળી હતી. વખત જતાં આવા સંમેલનની ઉપયોગીતા જણાઈ અને સને ૧૯૦૨ ની સાલમાં ફલોદી ખાતે તેની પહેલી બેઠક થઇ, અને તે કોન્ફરન્સમાં તીર્થના તેમજ કોમ ઉન્નતિના પ્રશ્નો હાથપર ધરવામાં આવ્યા; અને ત્યાર પછીની કોન્ફરન્સની જુદી જુદી બેઠકોમાં થયેલું કામકાજ તેની અગત્યતા પુરતી રીતે સાબીત કરે છે. હાલમાં ઉપસ્થિત થયેલી સ્થીતિનો આપણે વિચાર કરીશું તો આપણને સ્હેજે જણાશે કે શ્રી શત્રુંજયના રખોપા બાબત તેમજ અન્ય

તીર્થોના હકની બાબત એવી છે કે જેમાં દરેક જૈનને પોતાનો ફાળો આપ્યા વિના ચાલે તેમ નથી. આવે વખતે આપણી છુટી છવાયલી ન્યાતના મંડળો અને સંઘોને એકત્ર કરવા. અને આપણામાં પ્રગતિ અને કર્તવ્યનો જુસ્સો રેડવા, કોન્ફરન્સ એ આપણું અંગજ બનવી જોઈએ. આપણી કોમની ઉન્નતિના કામમાં સ્વાર્થત્યાગી માણસો છે, પણ તેમની મદદે સમસ્ત કોમ ન હોય તો તેમનું કામ સ્હેલાઈથી અને સરળતાથી થવું સંભવિત નથી. તેથીજ કોમના અભ્યુદયના ઉત્તમ વિચાર આપણી સમક્ષ રજુ કરી, તેને વ્યવહારૂ રૂપમાં મુકવા કોન્ફરન્સની ખાસ જરૂર છે. ટુંકાણમાં કોનફરન્સ કોમના જીવનનું અને કર્તવ્યનું સાધન હોઈ નિયમિત રીતે ઓછા ખર્ચે મળવી જોઈએ, અને જૈન ભાઈઓને તે તેમની સામાજીક ધાર્મિક અને નૈતિક સ્થીતિ સુધારવામાં જેટલી વધુ ઉપયોગી થઇ પડે તેટલાજ પ્રમાણમાં આપણી કાર્ય નિપુણતા અને કર્તવ્ય શક્તિનું માપ નીકળી શકે.

આપણી કેળવણી.

આપણી ચારેકોરે આપણે નિહાળીશું તો ધોધમાર, પ્રવૃત્તિ પ્રગતિ સમાજ સેવા અને દેશ સેવાના વિચારો પ્રવર્તિ રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં પ્રવૃત્તિજ પ્રવૃત્તિ; અખુટ ભાવનાઓ, એટલે આપણે તો જાણે અજાણે પણ સ્થિર રહી શકીયેજ નહિ. આપણે પ્રયત્ન ન કરીયે તો જરૂરજ પાછા પડવાના. પહેલાની કીર્તિ, પહેલાના આપણા સુવિખ્યાત વિદ્વાનો, અને જાહોજલાલી વિગેરેના ઉપરજ આપણે નભી શકીયે તેમ નથી. આપણી કોમ અભણતો નજ કહેવાય. પણ દેશકાળની સ્થિતિ અનુસાર સા-

માન્ય ઉચ્ચ કેળવણીની જરૂર સંપૂર્ણ રીતે સ્વીકારાઈ હોય તેમ લાગતું નથી, અને તે કારણને લીધેજ આપણી કોમ હજી કેળવણીમાં પછાત રહી છે. આપણું પ્રાચીન ગૌરવ, પ્રાચીન વિદ્યા, અને પ્રાચીન કળા સાથી નાશ પામ્યા ! અને આપણે આંવી સ્થિતિમાં આવી કેમ ઉભા એ એક સ્વાભાવિક સવાલ થઈ પડે છે. આનો જવાબ હરેક રીતે આપી શકાય, પરંતુ એક વાત તો ચોકસજ છે કે આપણામાં ઉપર જણાવ્યા મુજબ કેળવણી ઘટતી ગઇ. આટલું સુંદર જીવન, આટલી સુંદર વિદ્યા અને કળા એનો લોપ એકાએક તો નાજ થઇ જાય. પરંતુ પ્રમાદી પ્રજા આસ્તે આસ્તે વિદ્યાનો શોખ ભૂલી અને અત્યારે લગભગ નિરક્ષર સ્થિતિમાં આવી પડી; આ સ્થિતિમાંથી મુક્ત થવા હવે આપણે આપણી કોમમાં સંગીન કેળવણીનું મહુરત કરી નાંખવું જોઇએ, આપણી આસપાસ ચાલી રહેલી પ્રવૃત્તિઓના જ્ઞાનથી આપણને સમજાશે કે ભૂતકાળમાં થઈ ગયેલા ગમે તેવા રસિક, ઉપયોગી, અને યાદ આવતાં ઉત્સાહ આપે એવા બનાવો યાદ રાખવામાંજ કેળવણીની સમાપ્તિ થતી નથી. પણ જીવનના નિયમો સમજવા અને ભવિષ્યમાં પ્રાપ્ત થવાની સ્થીતિ માટે તૈયારી કરવી કે જેથી આપણું જીવન આપણા માટે આનંદદાયક બને, અને બીજાને લાભદાયી નીવડે, એજ ખરી કેળવણી આવી કેળવણી આપણા જીવનનું સાધન છે. **सा विद्याया विमुक्तये** જેનાથી મુક્તિ મળે, ધર્મ સાચવી શકાય તેજ વિદ્યા કેળવણીથી આપણી કોમના યુવાનોમાં આત્મબળ, ધૈર્ય, સત્ય, અને અહિંસાની ભાવના પૂરેપૂરી રીતે પ્રગટ કરી શકાય. હું સમજું છું કે આ બધું એકાએક થવું ઘણું કઠીન છે પરંતુ સદ્‌વિચાર, સદ્‌વર્તન, અને સદ્‌ભાવના એ બધા એકમેકથી

એટલા જોડાયલા છે કે જો આપણામાં એકજ એવો ગુણ આવે તો બીજા બધા સહગામિ સદ્‌ગુણોને માટે સ્થાન થતાં વાર નહિ લાગે; અને આપણે તે બધા ધાર્યા કરતાં વધારે ત્વરાથી અને સરળતાથી જીવનમાં ઉતારી શકીશું.

સ્વયંસેવક મંડળોની જરૂરીઆત અને ઉપયોગીતા.

આપણા યુવાન વર્ગે નાની નાની સંસ્થાઓ સ્થાપી અને નાની ઉમરના બાળકોની સ્વયંસેવકોની ટુકડીઓ તૈયાર કરી તેમનામાં શારિરિક, ધાર્મિક, અને નૈતિક બળ વધે એવા પ્રયાસો કરવાની ઘણી આવશકયતા છે. તેમના આવા સુપ્રયાસોમાં આપણો વડીલ વર્ગ પણ મદદ કરી ભાગ લઈ શકે છે.

આવી સંસ્થાઓ દરેક નાના મોટા સ્થળે યોજવાની **ઘણીજ જરૂર છે.** આ બધા મંડળોનું એક કેન્દ્રસ્થાન નક્કી કરી સેવા ભાવનાના સામાન્ય નિયમો ઘડવા જોઇએ.

સ્ત્રી કેળવણી.

કેળવણીનો વિચાર કરતા આપણી બાળાઓ તરફ દુર્લક્ષ્ય કેમજ થાય ? તે તો આપણી સમાજનું અંગ ભૂતજ છે, એટલે તેમને પણ અભ્યાસમાં અનુકુળ સગવડો આપવી જોઈએ. માધ્યમિક કેળવણીમાં તેમની શાળાઓમાં જરૂરી ફેરફાર છે; અને તેમાં ગૃહ કેળવણીનું ખસુસ ઉમેરણ થવું જોઇએ. ધાર્મિક જ્ઞાન પ્રાધાન્ય પદ લેજ. સંગીતને પણ સારૂં સ્થાન મળે, અને શારિરિક કેળવણી માટે તેમને અવારનવાર બહાર જોવાના સ્થળોએ જવાની જરૂરીઆત છે. તેમના ગૃહ જીવનમાં આપણી

રૂઢી પ્રમાણે અંગ કસરતનો સમાવેશ થઈ જાય છે. પરંતુ તેમની શારિરિક અને માનસિક બળ લગ્ન કરી દેતાં પહેલાં સારી રીતે ખીલવવુંજ જોઇએ. અને તેથીજ **ફરજીઆત સ્ત્રી કેળવણીની** પ્રથમ અગત્ય છે. તેને માટે અત્યાર સુધી વખતો વખત ભરાયેલી કોન્ફરન્સીસમાં ઘણુંએ કહેવ.યેલું છે. પરંતુ હવે તે તેની યોજના ઉપાડી લેવાની છે. અને તેવી કેળવણી લગ્ન પહેલાં કેટલી હોવી જોઇએ. તેનું પણ ધોરણ નક્કી થવું જોઇએ. તેના કાયદા કાનુનો સંઘ અને કોમનો અભિપ્રાય લઈ નક્કી કરવા; એટલે તેમને લગ્નથી જોડી દેતા પહેલાં તેમનામાં માનસિક, ધાર્મિક, અને શારિરીક બળ ખીલેલું ઘણા અંશે હોવું જોઇએ જેથી તેમનું ભવિષ્યનું જીવન સુગમ અને રસમય બને અને પતિ પત્નિ લોક સેવા સમજે અને સમાજને આશિર્વાદ રૂપ થઈ પડે.

જ્ઞાન પ્રચારના સાધનો.

આપણી કોમ પ્રત્યે આપણી ઘણી જવાબદારીઓ છે. આપણું કાર્યક્ષેત્ર નાનુસુનુ નથી; પરંતુ ઘણુંજ વિશાળ છે. પુસ્તકાલયો સ્થાપવાની યોજનાઓ એટલે કે આપણી કોમનો જ્યાં જ્યાં સમુહ હોય ત્યાં ત્યાં છુટા છુટા આપણાથી બનતા પુસ્તકાલયો ખોલવાની ઘણી અગત્યતા હું તો જોઉં છું. ભિન્નભિન્ન વર્તમાન-પત્રો, માસિકો, તથા પુસ્તકો સાથે આપણા ધર્મના ગ્રંથોનો પણ સમાવેશ થવો જોઇએ. વળી આપણાથી બનતી પાઠશાળાઓ તેમજ બોર્ડીંગો વધુ પ્રમાણમાં ખોલવાની આપણને ઉમેદ હોવી જોઇએ. આ બધું અને તેથીએ વધુ આપણને જેમજેમ જરૂર પડશે તેમ તેમ આપણે ધીરે ધીરે વધારી શકીશું પરંતુ સંગીન-

તાથી વધીએ તોજ સરસ પરિણામની આશા રાખી શકાય.

વર્તન વગરનું કેવળ ધાર્મિક જ્ઞાન પાંગળું છે. કોમના જીવનમાં ધાર્મિક જ્ઞાનનું ઓજસ્ આવવું જોઇએ, શરિર કસાયેલું, સુઘડતાના નિયમોનું પાલન, અને બ્રહ્મચર્યનું સર્વાંગે સેવન ઘણુંજ જરૂરનું છે. સંગીન ધાર્મિક જ્ઞાન અને સુંદર વર્તનથી સજ્જ થયેલા આપણા આચાર્યો આપણા ઉપર સચોટ અસર કરી શકે છે. આપણું જીવન ધાર્મિક વૃત્તિથી રેલાવી શકે છે. આપણા બાળકોને નૈતિક ધર્મ સરળતાથી સુંદર રીતે સમજાવી શકે છે, અને સન્માર્ગે સદ્વર્તન કરવાનું સુચવી શકે છે, તેમજ તેઓ દેશ દેશાંતરમાં ફરી ઉપદેશ કરી શકે છે, સાહિત્ય સેવા બજાવી શકે છે. **જૈનધર્મ** પ્રત્યેની લોકોની ગેર સમજુતી હોય તે દુર કરી માહાવીરના સિદ્ધાંતની ઉદાર ભાવનાને ચરિતાર્થ કરવા, અહિંસાની ભાવના જાગ્રત કરવા પ્રેરણા કરી શકે છે. સ્વધર્મની દૃઢતા સાથે પરધર્મ સહિષ્ણુતા શીખવી શકે છે, એટલે આપણી કોમની આપણા આચાર્યો સુંદરમાં સુંદર રીતે સેવા બજાવી શકે છે.

પુસ્તકોદ્ધાર.

પુસ્તકોદ્ધાર વિના આપણા ધર્મનું પ્રાચીન તત્વજ્ઞાન સારી રીતે પ્રકાશમાં આવી શકશે નહિ તેથી આપણા જુના શાસ્ત્રના ગ્રંથો કે જે જ્ઞાનથી ભરપૂર છે તેને આધુનિક ભાષામાં યોજવાનો વેળાસર પ્રયત્ન થવો જોઇએ; આને માટે કમીટી નીમાવવી જોઇએ અને તેના ભાષાન્તરો કરી વાંચન સુગમ કરવું જોઇએ, એટલે આપણે જુના ધાર્મિક ગ્રંથોને ગુંથી આધુનિક માળા બનાવી શકીએ છીએ.

હિંદવાસી તરીકે આપણી ફરજ.

આપણી કોમની ઉન્નતિના વિચારો કરતી વખતે આપણે ભુલવું ના જોઇએ કે આપણા દેશની સર્વ દર્શીય પ્રવૃત્તિઓના સમયમાં આપણે પણ તેમની સાથેજ ચાલવાનુ છે અને એક જૈન જેંટલીજ એક હિંદી તરીકે પણ આપણે ફરજો બજાવવાની છે. છેલ્લા પંદર વર્ષથી આપણી માતૃભૂમિમાં નવા વિચારો ફેલાય છે. સામાજીક તેમજ રાજકીય બાબતમાં આપણે આગળ વધીએ છીએ. દેશ સેવા અને જન સમાજની સેવાની ભાવના પ્રકટ થતી જાય છે. રાષ્ટ્રીય ઉન્નતિની ચળવળો ચાલી રહી છે. આવા વખતે આપણે પણ તેવા કાર્યમાં સાથેજ રહેવાની ખાસ જરૂર છે. અને તેથીજ આપણો કાર્યક્રમ રાષ્ટ્રીય પ્રગતિના ધોરણ અનુસાર હોવો જોઇએ.

ઉપસંહાર.

ઘણીએ બાબતો છે કે જેના ઉપર આપણે વિવેચન કરીએ પરંતુ તે બધાને હું અત્યારે ટુંકમાં પહોંચી શકુ તેમ નથી. વળી ઘણીએ બાબતો અત્યાર સુધીની કોન્ફરન્સીસમાં વિદ્વાન વકતાઓએ છણી નાખી છે, એટલે મ્હારે તે બાબતમાં સિંહાવલોકન કરવું વ્યાજબી નથી. આપણામાંના ઘણાએ વિદ્વાનો તેમના કીંમતી વિચારો આ કનવેન્સનમાં આપણી સમક્ષ રજુ કરશે અને આપણને સુગમ અને સુંદર રસ્તે દોરવાની યોજનાઓ મુકશે એવી હું ઉમેદ રાખુંછું. ટુંકમાં હવે આપણે આ જાગૃતિના જમાનામાં સત્વર જાગી આપણી યોજનાઓને બનતી ત્વરાથી અમલમાં મુકીએ એવી મારી નમ્ર વિનંતી છે. મ્હને

આપણી કોમના ઉજવળ ભવિષ્યને માટે ખચિતજ મોટી આશા છે, અને હવે આપણે વધારે સમય, વિવેચન કરતાં વર્તનમાં રોકીયે, તોજ લાભ મેળવી શકીયે. આપે મ્હને માન આપી મ્હારા વિચારો આપની સમક્ષ રજુ કરવાનો પ્રસંગ આપ્યો છે તેને માટે હું અંત : કરણ પુર્વક આપ સર્વ બંધુઓનો ઉપકાર માનુંછું.

———

શ્રી લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મણીલાલ ઉગરચંદે છાપ્યું
કાળુપુર ટંકશાળ-અમદાવાદ.